GJKT020023472018

| | | |
|---|---|---|
| આંક | : | ૪૬ /બી |
| દાખલ તારીખ | : | ૦૨/૦૭/૨૦૧૮ |
| રજી.લીધા તારીખ | : | ૦૨/૦૭/૨૦૧૮ |
| નિકાલ તારીખ | : | ૧૫/૦૪/૨૦૨૬ |
| સમય ગાળો | : | વર્ષ માસ દિવસ |
| | | ૦૭ ૦૯ ૧૩ |

---

**ના.શ્રી ત્રીજા અધિક સીનીયર સિવિલ જજ સાહેબની અદાલતમાં,**
**ભુજ–કચ્છ.**

---

**<u>રે.દિ.દા.નં.૧૩૬/૨૦૧૮</u>**

(૧) રવિલાલ ભગવાનજી ઠક્કર
ઉ.વ.૬૪, ધંધો : વેપાર
રહે.વાણીયાવાડ ચોક, ખાદી ભંડાર ઉપર,
ભુજ–કચ્છ.

(૨) કલ્પના નવિન ઠક્કર
તે સ્વ.નવીન ભગવાનજી ઠક્કરના વિધવા
ઉ.વ.૫૬, ધંધો : ગૃહકાર્ય,

(૩) ગોપન નવિન ઠક્કર
તે સ્વ.નવીન ભગવાનજી ઠક્કરના પુત્ર
ઉ.વ.૩૨, ધંધો : નોકરી
નં.૨ અને ૩ વાળા રહે.ડી–૧૨૦૧,
સત્યદીપ હાઇટસ,મકરબા,
અમદાવાદ–૩૮૦૦૫૧.

(૪) ભારતીબેન ભગવાનજીભાઇ ઠક્કર
તે મહેન્દ્રભાઇ નારાણજી ઠક્કરના પત્ની
ઉ.વ.૫૩, ધંધો : ગૃહકાર્ય,
રહે.ધબડા કોલોની, અંજાર–કચ્છ.

(૫) અનીલા ભગવાનજીભાઇ ઠક્કર
તે રમેશકુમાર દયાલજી કોઠારીના પત્ની
ઉ.વ.૪૮, ધંધો : ગૃહકાર્ય,
રહે.છછ ફળીયા, ભુજ–કચ્છ. **..... વાદીઓ**

**વિરૂધ્ધ.**

(૧) મે.જેઠાભાઇ સુંદરજી ભાગીદારી પેઢી વતી
અમૃતલાલ વેલજી ઠક્કર
ઠે.ડોસાભાઇ લાલચંદના પુતળા પાસે,
વાણીયાવાડ, ભુજ–કચ્છ.

(૨) શ્રી અમૃતલાલ વેલજી ઠક્કર
ઉ.વ.૬૮, ધંધો : વેપાર

(૩) જીતેન્દ્ર ભગવાનજી ઠક્કર
ઉ.વ.૫૬, ધંધો : વેપાર,
નં.ર અને ૩ વાળા રહે.મે.જેઠાભાઇ
સુંદરજી ભાગીદારી પેઢી ઠે.ડોસાભાઇ
લાલચંદના પુતળા પાસે,
વાણીયાવાડ, ભુજ–કચ્છ. **..... પ્રતિવાદીઓ**

---

**દાવો :– ડેકલેરેશન તથા પારીણામીક દાદ મળવા બાબત..**

---

**વાદીઓ તરફે :– વિ.વ.શ્રી આર.એમ.ઠક્કર**

**પ્રતિવાદી તરફે :– વિ.વ.શ્રી જે.કે.ઠક્કર**

---

**:: ઠ રા વ ::**

(૧) વાદીઓના દાવા અરજીની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના વાદીઓ તથા પ્રતિવાદી નં.૩ સ્વ.ભગવાનજી વેલજી ઠક્કરના વારસો છે. તેમના માતૃશ્રીનું અવસાન તેમના પિતાજીથી પહેલા અવસાન થયેલ છે. સ્વ. ભગવાનજી વેલજી ની વંશાવલી આ મુજબ છે. નં. (૧) રવિલાલ (૨)

નવીન :- (૨/૧) કલ્પના તથા (૨/૨) ગોપન (૩) જીતેન્દ્ર (૪) ભારતી અને (૫) અનીલા.

(૨) સ્વ.ભગવાનજી વેલજી ઠકકર ભુજ મધ્યે ચાલતી પ્રતિવાદી નં.૧ ની નામે પેઢીમાં તેમની હયાતી દરમ્યાન એટલે કે તા.૧૦/૩/૨૦૧૭ ના અવસાન થયું ત્યાં સુધી ભાગીદાર તરીકે જોડાયેલ હતા અને તા.૦૧/૦૪/૧૯૯૮ ના રોજ ભાગીદારીના લખાણ મુજબ પ્રતિવાદી નં.૧ ની પેઢીમાં પ્રતિવાદી નં.૨ અને ૩ વાળા પણ ભાગીદાર રહેલ. ભાગીદારીની શરત નં.૧૫ અન્વયે ભાગીદારી અસ્તીત્વમાં હોય તે દરમ્યાન કોઈપણ ભાગીદારનું અવસાન થાય તો પેઢી ચાલુ રહેશે અને બાકીના ભાગીદારોએ ગુજરનાર ભાગીદારના વારસો વતીથી ચાલુ રાખશે અને તેના કોઇ ૧ વારસને પેઢીમાં ભાગીદાર તરીકે વારસદાર ઈચ્છશે તો ભાગીદાર તરીકે દાખલ કરશે. આ કામના વાદીઓ દ્વારા પ્રતિવાદીઓને ભાગીદારી લખાણની શરત નં.૧૫ નો અમલ કરતા ન હોઈ તા.૧૫/૧/૨૦૧૮ ના રોજ વકીલ મારફતે નોટીસ આપેલ અને ભાગીદારી ખત અન્વયે નકકી થયેલ નફામાના હિસ્સાની રકમ વાદીઓને ચુકવી આપવા વાદી નં.૧ ને પ્રતિવાદી નં.૧ ની પેઢીમાં સ્વ.ભગવાનજીભાઇના સ્થાને ભાગીદાર તરીકે દાખલ કરવા જણાવેલ. ઉપરોકત નોટીસનો પ્રતિવાદી નં.૨ નાઓએ કોઈ જવાબ આપેલ નથી, જયારે પ્રતિવાદી નં.૩ એ તા.૨૬/૦૧/૨૦૧૮ વાળો જવાબ આપેલ છે. આ કામના પ્રતિવાદી નં.૨ અને ૩ નો ઈરાદો સ્વ.ભગવાનજીભાઇના પ્રતિ.નં.૧ ની પેઢીમાં રહેલ મુળી તથા નફાની રકમ પચાવી પાડવાનો હોવાનું સ્પષ્ટ છે.

(૨.૧) સદર દાવાનું કારણ સ્વ.ભગવાનજીભાઈનું તા.૧૦/૩/૨૦૧૭ ના રોજ અવસાન થયાથી તથા બાદમાં તા.૧૫/૧/૨૦૧૮ વાળી નોટીસ પ્રતિવાદીઓને કર્યા છતાં તેઓ અમલ કરવાને બદલે તા.૨૬/૧/૨૦૧૮ વાળો જવાબ આપી ભાગીદારી કરાર મુજબ અમલ કરવા ઈન્કાર કરતા ઉત્પન્ન થયેલ છે.

(૨.૨) સદર દાવાના કામે વાદીઓએ પેરા નં.૧૨ માં દાદ માંગી જણાવેલ છે કે આ કામના પ્રતિવાદી નં.૧ ની પેઢીના ભાગીદાર સ્વ. ભગવાનજીભાઇના અવસાન બાદના તમામ હિસાબી ચોપડાઓ ના.કોર્ટ સમક્ષ રજુ કરી, તેમના

હિસ્સાની નફાની રકમની વહેંચણી ૫ (પાંચ) ભાગમાં કરી, ૪(ચાર) ભાગ વાદીઓને તથા પાંચમો ભાગ પ્રતિવાદી નં.૩ ને અપાવવા તથા આ કામના પ્રતિવાદી નં.૧ ની પેઢીના ભાગીદાર સ્વ. ભગવાનજીભાઇના અવસાનથી ખાલી પડેલ ભાગીદારના સ્થાને વાદી નં.૧ ને ભાગીદાર તરીકે દાખલ કરવા પ્રતિવાદીઓ બંધાયેલા છે તેવું ઠરાવી આપવા તથા કાયદા અને હકીકત નજરે મળી શકતી દાદ અને દાવાનું ખર્ચ પ્રતિવાદીઓ પાસેથી અપાવવા હુકમનામું કરી આપવા અરજ કરેલ છે.

(૩) સદર દાવો દાખલ થતાં રજીસ્ટરે લઇ, નામદાર કોર્ટ દવારા પ્રતિવાદીઓને સમન્સ ઇસ્યુ કરવામાં આવેલ. પ્રતિવાદીઓને સમન્સની ધોરણસર બજવણી થઇ પરત આવેલ છે. તેમના તરફે વિ.વ.શ્રી જે.કે.ઠકકર હાજર થયેલ છે અને તેમના તરફે આંક–૧૧ થી દાવાજવાબ રજુ થયેલ છે.

પ્રતિવાદીઓના વિ.વ.શ્રી આંક–૧૧ થી દાવાજવાબ રજુ કરી જણાવેલ છે કે, વાદીઓના દાવાઅરજીના પેરા નં.૧–ર ની હકીકત ખરી છે અને વાદીએ ભાગીદારી ખત જે રજુ કરેલ છે તેમાં કલોઝ નં.૧૫ બાબતે જે હકીકત જણાવેલ છે તે ખરી છે અને તે કલોઝ નં.૧૫ માં જણાવ્યા મુજબ સ્વ.ભગવાનજી વેલજી ઠકકરના વારસ તરીકે ભાગીદાર જોડવાની જે સતા બાબતે લખેલ છે તે રીતે બાકી રહેતા ભાગીદારોને જે સતા ઉપરોકત કલોઝ ૧૫ થી મળેલ છે તે મુજબ હાલના પ્રતિવાદી નં.૩ જીતેન્દ્રભાઇ ભગવાનજી ઠકકર સ્વ.ભગવાનજી વેલજી ઠકકરના વારસ છે અને તે રીતે તેઓને તેમના ભાગમાં બાકી રહેતા ભાગીદારોની સંમતીથી જોડવામાં આવેલ છે એુટલે હાલના વાદીઓને ભાગીદાર તરીકે જોડવાનો કોઇ હકક કે અધિકાર પહોંચતો નથી. આ હકીકત પ્રતિવાદીઓએ વાદને કરેલ તા.૧૫/૧/૨૦૧૮ વાળી નોટીસનો તા.૨૬/૧/૨૦૧૮ વાળો જવાબ આપેલ તેમાં સ્પષ્ટ જણાવેલ છે. જેથી વાદીઓને ભાગીદાર તરીકે જોડવાની માંગણીનું કોઇ કારણ ઉત્પન્ન થતું નથી. વધુમાં વાદીની માંગણી મુજબ હિસાબ તૈયાર છે અને તે મુજબની રકમ પ્રતિવાદીઓ વાદીને આપી દેવા ખુશી અને તૈયાર છે તેવું જણાવ્યા છતાં આજદિવસ સુધી વાદીએ તે બાબતે પ્રતિવાદીઓનો સંપર્ક કરેલ નથી અને સદર દાવો દાખલ કરી ના.કોર્ટનો સમય બગાડેલ હોઇ તેથી વાદીનો દાવો

ચાલવાપાત્ર નથી અને રદ થવા પાત્ર છે. વધુમાં આ કામના પ્રતિવાદી નં.૩ વાળાએ સાચી હકીકત તરીકે જવાબ આપેલ હોઇ પ્રતિવાદી નં.ર ને જુદો જવાબ આપવાનું રહેતું નથી. જે રકમ પચાવી પાડવાનો પ્રતિવાદીઓ સામે આક્ષેપ કરવામાં આવે છે તે ખરો નથી તેનો ઈન્કાર કરેલ છે. હાલના વાદી સાથે સ્વ.ભગવાનજીભાઇ વેલજી ઠકકર રવિ ઓટો નામે ચાલતી પેઢીમાં તથા એન.ભગવાનજી નામની પેઢીમાં પણ સ્વ.ભગવાનજીભાઇ વાદી સાથે ભાગીદાર હતા અને તે બંને પેઢીના હિસાબો આજદિવસ સુધી વાદી તરફથી કયારેય પ્રતિવાદી નં.૩ ને આપવામાં આવેલ નથી અને તે આપવા ન પડે એટલે કાઉન્ટર બ્લાસટ તરીકે વાદીએ આ દાવો કરેલ છે.આમ, ઉપરોકત સમગ્ર હકીકતે વાદીઓનો દાવો ખર્ચ સહીત રદ ફરમાવવા તથા વળતર તરીકે પ્રતિવાદીઓને રૂા.૫૦,૦૦૦/- અપાવવા વિનંતી કરેલ છે.

(૪) સદર દાવાના નિર્ણયઅર્થે નીચે મુજબના આંક-૧૨ થી મુદા ઘડવામાં આવેલ છે:-

**:: <u>મુદ્ધા</u> ::**

૧. શું વાદી એ હકીકત પુરવાર કરે છે કે, પોતાની દાવાઅરજીના પેરા-ર, ૩ અને ૪ માં જણાવ્યા મુજબ પ્રતિવાદીઓને વારંવાર મૌખિક ઉપરાંત લેખીત નોટીસ થી જાણ કરવા છતા ભાગીદારી કરાર મુજબ અમલ કરેલ નથી?

૨. શું પ્રતિવાદીઓ એ હકીકત પુરવાર કરે છે કે, પોતાના દાવાજવાબના પેરા - રમાં જણાવ્યા મુજબ પ્રતિવાદી નં.૩ ને સ્વ.ભગવાનજીભાઇ ના વારસદાર તરીકે પેઢીમાં દાખલ કરેલ હોય, વાદીને આ દાવો લાવવાનું કોઈ કારણ ના હોય, વાદી દ્વારા ખોટો દાવો કરવામાં આવેલ હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે?

૩. શું પ્રતિવાદીઓ એ હકીકત પુરવાર કરે છે કે, પોતાના દાવાજવાબના પેરા - રમાં જણાવ્યા મુજબ પ્રતિવાદીઓ દ્વારા વાદીની માંગણી મુજબ હીસાબ તૈયાર હોવા છતાં વાદીએ તે મેળવવા પ્રતિવાદીઓનો સંપર્ક કરેલ ન હોય, એ રીતે વાદને આ દાવો લાવવાનું કોઈ કારણ ના હોય, વાદી દ્વારા ખોટો દાવો કરવામાં આવેલ હોય, વાદીનો દાવો

રદ થવાને પાત્ર છે?

૪. શું પ્રતિવાદીઓ એ હકીકત પુરવાર કરે છે કે, પોતાના દાવાજવાબના પેરા – ૨માં જણાવ્યા મુજબ પ્રતિવાદી નં.૩ ને હીસાબો આપવા ના પડે તે માટે વાદી દ્ધારા આ ખોટો દાવો કરવામાં આવેલ છે?

૫. શું પ્રતિવાદીઓ એ હકીકત પુરવાર કરે છે કે, વાદી દ્ધારા ખોટો અને રદ થવા પાત્ર દાવો કરવામાં આવેલ હોય, પોતે માંગ્યા મુજબનું વળતર મેળવવા હકકદાર છે?

૬. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હકકદાર છે?

૭. શું હુકમ અને હુકમનામું?

(૫) ઉપરોક્ત મુદાઓ પરત્વેના મારા નિર્ણય નીચે કરેલ ચર્ચા પ્રમાણે આ મુજબ છે:–

૧. અંશતઃ હકારાત્મક,
૨. નકારાત્મક,
૩. નકારાત્મક,
૪. નકારાત્મક,
૫. નકારાત્મક,
૬. અંશત: હકારાત્મક,
૭. આખરી હુકમ મુજબ.

(૬.૧) વાદી તરફે પોતાની હકીકતો પુરવાર કરવા માટે નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**<u>– :: મૌખીક પુરાવો ::–</u>**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વાદી નં.૧ રવિલાલ ભગવાનજી ઠકકરનું પુરાવાનું સોગંદનામું ઉલટતપાસ સહીત | ૧૩ |
| ૨ | વાદી નં.પ અનીલા ભગવાનજી ઠકકર તે વા/ઓ.રમેશ દયાલજી કોઠારીનું પુરાવાનું સોગંદનામું ઉલટતપાસ સહીત | ૨૯ |

**– :: દસ્તાવેજી પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ભાગીદારી કરારની નકલ | ૧૫ |
| ૨ | વાદીઓએ પ્રતિવાદીઓને પાઠવેલ નોટીસની નકલ | ૧૬ |
| ૩ | પ્રતિવાદી નં.૩ વાળાએ આપેલ જવાબની નકલ | ૧૭ |

ઉપરોકત પુરાવા સિવાય વાદીઓ તરફે વધુ કોઈપણ જાતનો પુરાવો રજુ કરેલ નથી અને આંક–૩૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો આપવા માંગતાં નથી તેવું જાહેર કરેલ છે.

(૬.૨) આ કામના પ્રતિવાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

**– :: મૌખીક પુરાવો ::–**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | પ્રતિવાદી નં.૩ જીતેન્દ્ર ભગવાનજી ઠકકરનું પુરાવાનું સોગંદનામું ઉલટતપાસ સહીત | ૩૧ |

ઉપરોકત પુરાવા બાદ પ્રતિવાદી તરફે આંક–૪૦ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો આપવા માંગતાં નથી તેવું જાહેર કરેલ છે.

(૭.૧) ત્યારબાદ સદર કામે પક્ષકારોની દલીલ સાૃભળવા માટે રાખવામાં આવતા વાદી વિ.વ.શ્રી આર.એમ.ઠકકર પોતાની મોખીક દલીલમાં જણાવે છે કે આ કામના વાદી નં.૧ તથા પ્રતિવાદી નં.૩ ના વાદી નં. ૨ થી ૫ તથા બહેનો થાય છે. વાદીઓ તથા પ્રતિવાદી નં.૩ ના પિતા સ્વ.ભગવાનજી વેલજી પ્રતિવાદી નં.૧ પેઢીના ભાગીદાર થતાં અને સદર ભાગીદારી પેઢીનુ લખાણ આંક–૧૫ થી રજુ કરેલ છે જેની કલમ–૧૫ મુજબ ભાગીદારો પૈકી કોઇ એક ભાગીદાર અવસાન પામે તે સંજોગોમાં અવસાન પામનાર ભાગીદારના કોઈ એક વારસને ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે દાખલ

કરવા જોઇશે તેવી જોગવાઇ કરેલ છે તેમછતાં વારંવારની રજુઆત છતાં અમારા પિતાશ્રી અવસાન પામ્યા બાદ અમોએ સર્વ સંમતીથી વાદી નં.૧ ને ભાગીદાર ઠરાવવા જાણ કરેલી તેમછતાં પ્રતિવાદી નં.૩ ને વારસ તરીકે દાખલ કરેલ છે. વિ.વ.શ્રી આર.એમ.ઠકકર આંક–૧૫ થી રજુ ભાગીદારી કરાર તરફ ધ્યાન દોરી રજુઆત કરેલ છે તેમાં અંગ્રેજી સેલ શબ્દ નો પ્રયોગ કરવામાં આવેલ છે એટલે આદેશાત્મક જોગવાઇ છે. જે ભાગીદાર એટલે કે પ્રતિવાદી નં.૩ પ્રથમથી ભાગીદાર હતા તેમને પેઢીમાં અમારા ગુજરનાર પિતાના વારસ તરીકે ભાગીદાર તરીકે દર્શાવી દીધેલ છે જે જોગવાઇ વિરુધ્ધ છે. અમો અન્ય વારસોને આ સંદર્ભે કોઇ સંમતી લેવામાં આવેલ નથી અને હાલના તબકકે સદર ભાગીદારી પેઢીમાં બે ભાગીદાર છે. આંક–૩૧ થી પ્રતિવાદીની ઉલટતપાસ મહત્વની છે જેમાં તેઓ તેમના પિતાશ્રીના અવસાનના ૩ મહીના બાદ ભાગીદારી કરારમાં સુધારો કરેલ હોવાનું લખાણ કરેલ તેમ જણાવે છે પરંતુ આવું લખાણ હાલના કામે રજુ થતું નથી. વધુમાં વાદીએ નોટીસમાં જણાવેલ હીસાબ બાબતે આંક–૧૭ ના નોટીસના જવાબમાં જે ખુલાસો કરેલ છે અને હીસાબ તૈયાર હોવાનું જણાવે છે પરંતુ આવો કોઇ હીસાબ પ્રતિવાદી ધ્વારા હાલના કામે રજુ કરવામાં આવેલ નથી અને મહત્વની હકીકતો છુપાવેલ છે. આમ, વાદી મુદા નં.૧ સાબીત કરવામાં સફળ રહેલ છે જયારે અન્ય મુદાઓની સાબીતીનો બોજો આ કામના પ્રતિવાદી ઉપર હોવા છતાં કોઇ પણ મુદો પુરવાર કરી શકેલ નથી. જેથી વાદીનો દાવો ખર્ચ સહીત મંજુર કરવા વિનંતી કરેલ છે.

(૭.૨) ત્યારબાદ પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી જે.કે.ઠકકર દલીલ કરી જણાવેલ છે કે, હકીકત અને કાયદા બંને દષ્ટિએ વાદીનો દાવો ટકવાપાત્ર નથી. વાદીને દાવો કરવો કોઇ હકક અધિકાર પહોંચતો નથી તેમજ આ દાવો દાખલ કરવા માટે વાદીને કોઇ કારણ ઉપસ્થીત થયેલ નથી કારણ કે આંક–૧૫ વાળા કરારમાં વાદી પક્ષકાર નથી. આંક–૧૭ થી રજુ નોટીસના જવાબમાં અમોએ વાદીને હીસાબ તૈયાર હોય લઇ જવા જણાવેલ છે તેમછતાં વાદી હીસાબ લેવા માટે આવેલ નથી અને હાલનો દાવો ખોટી રીતે કરેલ છે. શ્રી જે.કે.ઠકકર વધુમાં દાદના પૅરેગ્રાફ નં.૨ તરફ ધ્યાન દોરી રજુઆત કરેલ છે

કે સ્પેશીફીક રીલીફ એકટની કલમ–૩૪ પરંતુકમાં જણાવ્યા મુજબ વાદીએ આનુસાંગિક દાદ માંગવી જોઇએ જેની ગેરહાજરીમાં વાદીનો દાવો મંજુર થવા પાત્ર નથી તેમજ વાદી જે દસ્તાવેજ રજુ નહીં કરેલ હોવાનું જણાવેલ છે તે દસ્તાવેજ રજુ કરવા માટે વાદી તરફથી નોટીસ આપવામાં આવેલ નથી. આ તમામ સંજોગો નજરે વાદીનો દાવો ખર્ચ સહીત રદ કરી માંગ્યા મુજબ વળતર અપાવવા વિનંતી કરેલ છે.

**<u>(૮) રેકર્ડ ઉપરનો પુરાવો :–</u>**

**(૮.૧)** સદર દાવાના કામે આંક–૧૩ થી વાદી નં.૧ રવિલાલ ભગવાનજી ઠકકરનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે જેમાં તેઓએ દાવાઅરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ હોઇ એકની એક હકીકતોનું પુનરાવર્તન ટાળવામાં આવેલ છે.

સદર વાદીની પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં એ હકીકત નકારેલ છે કે આંક–૧૫ ના કરારની કલમ–૧૫ મુજબ મારા પિતાશ્રી અવસાન પછી જીતેન્દ્રભાઇને આ પેઢીમાં (પ્રતિવાદી નં.૧) માં ભાગીદાર બનાવેલ છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, જીતેન્દ્રભાઇ પહેલેથી ભાગીદાર હતા. સાહેદ સ્વીકારે છે કે આ ભાગીદાર કરારમાં (આંક–૧૫) જે ભાગીદાર હોય તેને વધુ ભાગ ન આપી શકાય તેવી અલગથી જોગવાઇ નથી. એ હકીકત નકારેલ છે કે આ આંક–૧૫ વાળા ભાગીદાર કરાર મુજબ મને ભાગીદાર બનવાનો અધિકાર નથી. સાહેદ સ્વીકારે છે કે આંક–૧૭ જવાબમાં પ્રતિવાદી તરફથી આ ભાગીદારી (પ્રતિવાદી નં.૧) નો હિસાબ તૈયાર છે તેમાંથી તમારો થતો ભાગ લઇ જાવ. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તેઓ બે થી ત્રણ વાર ગયેલ હતા પરંતુ હમણા સમય નથી પછી આવજો તેમ કહીને હીસાબ બતાવેલ નથી. સાહેદ સ્વીકારે છે કે મારા તરફથી તા.૧૫/૧/૨૦૧૮ આંક–૧૬ વાળી નોટીસ કરેલ, આંક–૧૭ વાળાથી જવાબ પણ આપેલો, ઉપરોકત જવાબમાં પ્રતિવાદીઓએ તેઓને જણાવેલ કે, તમારો હિસાબ તૈયાર છે અને તમે જોઇને પૈસા લઇ જાવ. એ હકીકત નકારેલ છે કે હું ઉપરોકત જવાબના અનુસંધાને તેમની પાસે હિસાબ લેવા માટે ગયેલ નથી. સાહેદ સ્વીકારે છે કે તેઓએ ભાગીદારી પેઢી અને બંને ભાગીદારોને સંયુકત નોટીશ કરેલી.

બાકીના ઉલટતપાસના સજેશનોનો ઈન્કાર કરેલ છે.

(૮.૨) સદર દાવાના કામે આંક–૨૯ થી વાદી નં.પ અનીલા ભગવાનજી ઠકકર તે વા/ઓ. રમેશકુમાર દયાલજી ઠકકરનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે જેમાં તેઓએ દાવાઅરજીમાં જણાવેલ હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ છે. વધુમાં જણાવેલ છે કે પ્રતિવાદી નં.ર અને ૩ અમૃતલાલ અને જીતેન્દ્ર પણ તેમાં ભાગીદાર હતા. તેમના વચ્ચે ૧૯૯૮ માં ભાગીદારીનો લખાણ થયલો. જે અસલ લખાણ તેમના કાકા અમૃતભાઇ તથા તેમના ભાઈ જીતેન્દ્રભાઈ પાસે છે. ભાગીદારીના લખાણ પ્રમાણે કોઈપણ ભાગીદારનો અવસાન થાય તો તેના વારસને પેઢીમાં ભાગીદાર બનાવવાની શરત છે અને તે શરત મુજબ મારા પિતા ભગવાનજીભાઈના અવસાન બાદ અમો વાદીઓ અમારા સ્વ.પિતાજીની જગ્યાએ જેઠાભાઈ સુંદરજીની ભાગીદારી પેઢીમાં અમારા મોટાભાઈ રવિલાલ ભગવાજીને ભાગીદાર તરીકે દાખલ કરવાનો નકકી કરેલું અને તે અંગેની જાણ અમોએ અમૃતલાલભાઈ તેમજ જીતેન્દ્રભાઈને કરેલી પરંતુ તેમણે દાદ આપેલ નહી.

સદર વાદીની પ્રતિવાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ રાખેલ છે કે તેઓ હાઉસવાઈફ છે કોઈ વેપાર કે વ્યવસાય કરતા નથી. તેઓએ ભાગીદારી કરાર અસલ જોયેલો છે. સાહેદ સ્વીકારે છે કે તે ભાગીદારી કરારમાં કોઈ ભાગીદારનું અવશાન થાય તો બાકી રહેતા ભાગીદારોએ મરનારના વારસદારમાંથી કોને ભાગીદાર તરીકે લેવા તે લેવાનું નકકી કરવાનું બાકી રહેતા ભાગીદારોને સત્તા હતી. એ હકીકત નકારેલ છે કે રવિલાલાને ભાગીદાર તરીકે લેવા માટે તેઓએ જીતેનદ્રભાઈ કે અમૃતલાલભાઈને જાણ પણ કરેલ નથી. ભગવાનજીભાઈના અવસાન પછી તેમનો ભાગ જીતેન્દ્રભાઈને આપી દેવામાં આવેલ છે તે વાત સાચી છે ? તેવા સવાલના જવાબમાં સાહેદ જણાવે છે કે મારા અવસાન પછી બીજા વારસદારને શું કામ ન આપે. એ હકીકત નકારેલ છે કે તમને જાણ કર્યા પછી એક વખત પણ હીસાબ લેવા ગયા નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે અમે બે થી ત્રણ વખત ગયેલા. બાકીના ઉલટતપાસના સજેશનોનો સાહેદે ઈન્કાર કરેલ છે.

(૯). ત્યારબાદ સદર દાવાના કામે આંક–૩૧ થી પ્રતિવાદી નં.૩ જીતેન્દ્ર ભગવાનજી ઠકકરનાઓની પુરાવા એફીડેવીટ રજુ થયેલ છે જેમાં તેઓએ દાવાજવાબમાં જણાવેલ હકીકતોને સમર્થન કરતો પુરાવો આપેલ છે. સદર પ્રતિવાદીની વાદી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં સ્વીકારે છે કે પ્રતિવાદી નં.૧ ભાગીદારી પેઢી છે તેમાં ૩ ભાગીદારો હતા. જેમાં તેઓ પોતે તેમન પિતા ભગવાનજીભાઈ તથા અમૃતભાઈ ઠકકર ભાગીદાર હતા. સાહેદ સ્વીકારે છે કે તેઓ ભાગીદારો વચ્ચે ભાગીદારીનું લખાણ થયેલ છે જે આંક–૧૫ થી રજુ છે, કોઇપણ ભાગીદારી લખાણ મુજબ કોઇ ભાગીદારનું અવશાન થાય તો નવા ભાગીદારને લેવાની જોગવાઇ કરેલ હતી, આ લખાણ મુજબ ગુજરનારના ભાગીદારના એક વારસને લેવાની જોગવાઈ છે, હાલમાં આ પેઢીમાં ભગવાનભાઇના અવશાન પછી બે જ ભાગીદાર રહેલ છે, વાદીઓ તેમના ભાઈઓ બહેનો એટલે કે ભગવાનજીભાઈના વારસો છે.એ હકીકત નકારેલ છે કે વાદીઓ તરફથી વાદી નં.૧ રવીલાલ ભગવાનજીભાઇને ભાગીદાર બનાવવા માટે પ્રતિવાદીને નોટીસ કરેલ. આંક–૧૬ વાળી નોટીસ જોઇને જણાવે છે કે આ તે જ નોટીસ છે. આ નોટીસનો અમલ કરેલ નહી તેના જવાબમાં જણાવે છે કે આ નોટીસ પહેલાં ભાગીદારીનું લખાણ થઇ ગયેલ હતું અને તેમાં બાકીના ભાગીદાર કોને ભાગીદાર તરીકે લેવા તે કકી કરી શકે તેવી જોગવાઇ કરેલ હતી. આ લખાણ કઇ તારીખે થયેલ હતું તેના જવાબમાં જણાવે છે કે મારે જોવું પડેલ. તેમના પિતાજી ગુજરી ગયા તેના ત્રણ મહીના પછી આવું લખાણ થયેલું. સાહેદ સ્વીકારે છે કે તેમના પિતાજી ગુજરી ગયાના ત્રણ મહીના બાદ આવું લખાણ થયેલાની હકીકત તેઓએ જવાબમાં કે પુરાવાના સોગંદનામામાં જણાવેલ નથી. કહેવાતા લખાણમાં આ કામના કોઈપણ વાદીની સહી નથી તેના જવાબમાં જણાવે છે કે તેઓના સહીની જરૂર રહેતી નથી. વાદીઓએ આપેલ નોટીસ સંદર્ભે પેઢીનો હીસાબ વાદીઓને પુરો પાડેલ નથી તેના જવાબમાં તેઓ લેવા આવેલ નથી તેમ જણાવેલ છે. આવો હીસાબ તૈયાર છે તેવી જાણ વાદીઓને તેમન કાકાએ મૌખીકમાં કરેલ અને આવી જાણ નોટીશ આપ્યાના અઠવાડીયા પછી કરેલી. સાહેદ સ્વીકારે છે કે, અમોએ આવો કોઇ હીસાબ આ દાવા કામે રજુ કરેલ નથી, વાદી નં.૧ અને ૨ મારાથી મોટા છે અને વાદી નં.૪ અને ૫ તેમની

બહેનો છે. વાદી નં.૩ તેમનો ભત્રીજો થાય છે. આંક–૧૭ વાળો જવાબ જોઇને જણાવે છે કે જે અમોએ જીતેન્દ્ર ભગવાનજી ઠકકર તરીકે આપેલ છે. સાહેદ સ્વીકારે છે કે અમૃતલાલ તેમના કાકા છે અને તે મારાથી મોટા છે. એ હકીકત નકારેલ છે કે ભાગીદારી પેઢીમાં ભગવાનજીભાઇની જગ્યા હાલમાં ખાલી છે. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે બે ભાગીદારોઓ એ અડધી અડધી વહેંચી લીધેલ છે. ભાગીદારી પેઢીમાં ભગવાનજીભાઇનું કોઇ રોકાણ ન હતું. મેં ભાગીદારીનું લખાણ વાંચેલ છે અને તેમાં સહી પણ કરેલ છે. સાહેદ સ્વીકારે છે કે આ ભાગીદારીના લખાણમાં ભગવાનજીભાઇની મુડી લખેલ છે. પ્રતિવાદી નં.૧ ની પેઢીમાં હીસાબના ચોપડા રાખવામાં આવે છે. સાહેદ સ્વીકારે છે કે આ હીસાબમાં ભગવાનજીભાઇએ રોકેલ મુડી બતાવવામાં આવેલી, આંક–૧૫ ના ભાગીદારના લખાણમાં કયાંય પણ એવું લખેલ નથી કે એક ભાગીદાર ગુજરી જાય તો તેનો હીસ્સો બાકીના ભાગીદારોએ વહેંચી લેવો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે, બીજી પેઢીમાં મારા ભાઇઓ મારા બાપુજીનો હીસ્સો મને આપેલ નથી. સાહેદ સ્વીકારે છે કે તેમના પિતાજી અને ભાઇ કઇ પેઢીમાં ભાગીદાર હતા તેવી કોઇ હકીકત તેઓએ જવાબ કે પુરાવાના સોગંદનામામાં જણાવેલ નથી. એ હકીકત નકારેલ છે કે તેમના પિતાજી વાદી પાસે કોઇપણ પેઢીમાં ભાગીદાર ન હતા. સાહેદ સ્વીકારે છે કે તેમના પિતાજી તેમના ભાઇ સાથે કોઇપણ પેઢીમાં ભાગીદારીમાં સામેલ હોય તેવો કોઇ પુરાવો દાવાના કામે રજુ કરેલ નથી. સાહેદ સ્વીકારે છે કે આંક–૧૫ માં ત્રણ ભાગીદારો પૈકી કોઇ ભાગીદાર ગુજરી જાય તો તેનું સ્થાન બાકીના કોઇ એક ભાગીદારને મળે તેવું લખેલ નથી. સાહેદ સ્વીકારે છે કે, ભગવાનજીભાઇના અવસાન બાદ ભાગીદારી પેઢીમાં તેઓની જે રકમ હતી તે મે લઇ લીધેલ છે. ભગવાનજીભાઇનો હીસ્સો તમોએ લઇ લીધેલ તેની જાણ પણ વાદીઓને કરેલ નથી તેના જવાબમાં જણાવે છે કે જાણ કરવાની જરૂર ન હતી. સાહેદ સ્વીકારે છે કે ભગવાનજીભાઇના અવસાનના ત્રણ મહીના બાદ લખાણ કર્ધરેલ તે અગાઉ ભગવાનજીભાઇની જગ્યાએ ભાગીદાર બનવું છે કે કેમ ? તે અંગે વાદીઓને કોઇ પુછા કરેલ નહીં. એ હકીકત નકારેલ છે કે પેઢીના હીસાબો માટે વાદી નં.૧ અને ૫ વાળાએ ધકકા ખાધેલ હોવા છતાં તેઓને કોઇ હીસાબ આપેલ નહીં. સાહેદ સ્વીકારે છે કે અમોએ આવા

હીસાબો રજી.પો.એ.ડી.થી વાદીઓને મોકલી આપેલ નથી. એ હકીકત નકારેલ છે કે મારો ઈરાદો અપ્રમાણીક હોય વાદીઓને હીસાબો આપેલા નહીં.

**<u>-: નિર્ણય માટેના કારણો :-</u>**

**<u>મુદા નં. ૧, ૨, ૩ અને ૪ ની સંયુક્ત ચર્ચા :-</u>**

***૧. શું વાદી એ હકીકત પુરવાર કરે છે કે, પોતાની દાવાઅરજીના પેરા-૨, ૩ અને ૪ માં જણાવ્યા મુજબ પ્રતિવાદીઓને વારંવાર મૌખીક ઉપરાંત લેખીત નોટીસ થી જાણ કરવા છતા ભાગીદારી કરાર મુજબ અમલ કરેલ નથી?***

***૨. શું પ્રતિવાદીઓ એ હકીકત પુરવાર કરે છે કે, પોતાના દાવા જવાબના પેરા - ૨ માં જણાવ્યા મુજબ પ્રતિવાદી નં. ૩ ને સ્વ. ભગવાનજીભાઈ ના વારસદાર તરીકે પેઢીમાં દાખલ કરેલ હોય, વાદીને આ દાવો લાવવાનું કોઈ કારણ ના હોય, વાદી દ્વારા ખોટો દાવો કરવામાં આવેલ હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે?***

***૩. શું પ્રતિવાદીઓ એ હકીકત પુરવાર કરે છે કે, પોતાના દાવા જવાબના પેરા - ૨માં જણાવ્યા મુજબ પ્રતિવાદીઓ દ્વારા વાદીની માંગણી મુજબ હીસાબ તૈયાર હોવા છતાં વાદીએ તે મેળવવા પ્રતિવાદીઓનો સંપર્ક કરેલ ન હોય, એ રીતે વાદીને આ દાવો લાવવાનું કોઈ કારણ ના હોય, વાદી દ્વારા ખોટો દાવો કરવામાં આવેલ હોય, વાદીનો દાવો રદ થવાને પાત્ર છે?***

***૪. શું પ્રતિવાદીઓ એ હકીકત પુરવાર કરે છે કે, પોતાના દાવા જવાબના પેરા - ૨માં જણાવ્યા મુજબ પ્રતિવાદી નં.૩ ને હીસાબો આપવા ના પડે તે માટે વાદી દ્વારા આ ખોટો દાવો કરવામાં આવેલ છે?***

**(૧૦)** ઉપરોક્ત તમામ મુદ્દા હકીકત અને કાયદાની દ્રષ્ટીએ પરસ્પર રીતે એક બીજા સાથે સંકળાયેલ હોય, ચર્ચાનુ પુનરાવર્તન ન થાય તે હેતુ થી સદરહું ઉપરોક્ત મુદ્દાની ચર્ચા અત્રે એક સાથે કરવાનુ મુનાસીબ માનવામાં આવેલ છે અને તે રીતે ઉપરોક્ત મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

**(૧૧)** વાદીના કેસની હકીકત મુજબ આ કામના પ્રતિવાદી નં. ૧ પેઢીમાં વાદીઓ અને પ્રતિવાદી નં. ૩ ના પિતા ભાગીદાર હતા અને ભાગીદારી કરારની શરત નં. ૧૫ મુજબ ભાગીદારીના અસ્તિત્વ દરમિયાન કોઈ ભાગીદારનું અવશાન થાય તે સંજોગોમાં પેઢી ચાલુ રહેશે અને બાકી રહેતા ભાગીદારોએ ગુજરનાર ભાગીદારના વારસો પૈકી કોઈ એક વારસને, જો તે ભાગીદાર બનવા ઈચ્છે તો, અન્ય વારસોની સંમતિથી ભાગીદાર તરીકે દાખલ કરશે. વાદીઓ તરફથી વખતો વખત જાણ કરવા છતાં ભાગીદારી કરારના કલમ ૧૫ નુ પાલન કરતા ન હોય, તા. ૧૫-૦૧-૨૦૧૮ ના રોજ

નોટીસ કરી નફામાં હિસ્સાની રકમ હિસાબ કરી વાદીને ચુકવી આપવા તેમજ વાદી નં. ૧ રવિલાલ ભગવાનજી ને પ્રતિવાદી નં. ૧ પેઢીમાં સ્વ. ભગવાનભાઈના સ્થાને ભાગીદાર તરીકે દાખલ કરવા જણાવેલ પરંતુ પ્રતિવાદીઓ દ્વારા કોઈ હીસાબ આપવામાં આવેલ નથી અને પ્રતિવાદી નં. ૩ નાએ નોટીસનો ઉડાઉ જવાબ આપેલ છે. હવે પ્રતિવાદી દ્વારા તેમના વિ. વ. શ્રી મારફત વાદીની ઉલટતપાસ ધ્યાને લેવામાં આવે તો, વાદીના પિતાશ્રીના અવશાન પછી તેમના ભાઈ જીતેન્દ્રભાઈ (પ્રતિવાદી નં.૩) ને ભાગીદાર બનાવેલ છે તેમ પુછવામાં આવેલ છે. જ્યારે વાદીએ જણાવેલ છે કે જીતેન્દ્રભાઈ પહેલેથી ભાગીદાર હતા. તેમજ "આ ભાગીદારી કરારમાં (આંક–૧૫) જે ભાગીદાર હોય તેને વધુ ભાગ ન આપી શકાય તેવી કોઈ અલગથી જોગવાઈ નથી" તેવો સવાલ પુછવામાં આવેલ છે જેનો વાદીએ હકારમાં જવાબ આપેલ છે. અને આંક ૧૫ વાળા કરાર મુજબ સદર સોગંદનામું રજુ કરનારને ભાગીદારી કરાર મુજબ ભાગીદાર બનવાનો અધિકાર નહિ હોવાનો ઈનકાર કરેલ છે. હવે આગળ ઉલટ તપાસ જોવામાં આવે તો, આંક ૧૭ ના જવાબમાં પ્રતિવાદી તરફથી ભાગીદારીનો હિસાબ તૈયાર હોઈ વાદીઓનો થતો ભાગ લઈ જવા જણાવેલ હોવાનો વાદી સ્વીકાર કરે છે અને ખુલાસો કરી જણાવે છે કે તેઓ બે થી ત્રણ વાર ગયેલા પરંતુ "હમણાં સમય નથી પછી આવજો" તેમ કહી હિસાબ બતાવેલ નહિ હોવાનું જણાવેલ છે. વાદીએ ભાગીદારી પેઢી અને ભાગીદારોને સંયુક્ત નોટીસ કરેલ હોવાનો સ્વીકાર કરે છે.

**(૧૧.૧)** હવે હાલના કામે તકરારી ભાગીદારીના લેખની કલમ નં. ૧૫ વંચાણે લેવી આવશ્યક છે જે નીચે મુજબ છે.

*"15. DEATH*

*In the event of death of any of the partners hereto during the continuance of the partnership, the partnership be deemed to have been continued by the remaining partner and for and on behalf of all heirs of the deceased partner, the remaining partners shall admit one of the heirs of such deceased partner provided any such heir is willing to join as such."*

હવે ઉપરોક્ત ભાગીદારી લેખમાં કલમ ૧૫ માં ભાગીદારી અસ્તિત્વમાં હોય અને તે દરમિયાન કોઈક ભાગીદારનું અવશાન થાય ત્યારે ભાગીદારી પેઢીએ અનુસરવાની કાર્યપધ્ધતિ દર્શાવવામાં આવેલ છે, જે અનુસાર કોઈ પણ ભાગીદારનુ અવશાન થાય તે સંજોગોમાં ભાગીદારીનો અંત થશે નહિ અને હયાત ભાગીદારો ભાગીદારી પેઢી ચાલુ રાખશે અને અવશાન પામનાર ભાગીદાર ના વારસદારો પૈકી કોઈ વારસદાર ભાગીદારી પેઢીમાં ભાગીદાર થવા ઈચ્છુક હોય તો અન્ય ભાગીદારોની તેમાં સંમતિ હોય તે સંજોગોમાં તે વારસદારને ભાગીદાર બનાવવાના રહેશે. હવે ઉપરોક્ત જોગવાઈ જોવામાં આવે તો, તેમાં "shall" શબ્દનો ઉપયોગ કરવામાં આવેલ છે. એટલે કે જો મરણ જનાર ભાગીદારના વારસદાર ભાગીદાર બનવા માટે સહમત હોય તો ફરજીયાત પણે તેને ભાગીદારી પેઢીમાં ભાગીદાર બનાવવા જોઈશે. તેવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે.

**(૧૧.૨)** હવે હાલના કામના પ્રતિવાદીના બચાવ મુજબ ગુજરનાર ભાગીદાર સ્વ. ભગવાજી ઠક્કરના વારસદાર તરીકે પ્રતિવાદી નં. ૩ જીતેન્દ્રભાઈને પ્રતિવાદી નં. ૧ ભાગીદારી પેઢીમાં ભાગીદાર બનાવવામાં આવેલ છે. તેમજ આંક ૧૫ ના ભાગીદારી કરાર મુજબ વાદીને ભાગીદાર બનવા અધિકાર નથી. જે અન્વયે ઉપરોક્ત પેરા નં. ૧૫ માં જણાવ્યા મુજબ ગુજરનાર ભાગીદારના કોઈ વારસ ભાગીદાર બનવા સહમત હોય અને અન્ય ભાગીદારોની સંમતિ હોય ત્યારે તે વારસને ભાગીદાર બનાવવા જોઈશે તેવી સ્પષ્ટ આદેશાત્મક જોગવાઈ કરવામાં આવેલ છે. હવે હાથ ઉપર ના કેસની હકીકત જોવામાં આવે તો હાલના કામના વાદીઓ પૈકી કોઈ પણ વાદીએ હાલના પ્રતિવાદી નં. ૩ કે જેઓ ભાગીદારી પેઢીના અસ્તિત્વ થી ભાગીદાર છે તેમને ગુજરનાર ભાગીદારના વારસદાર તરીકે ગુજરનાર ભાગીદારના હિસ્સા માટે વારસ તરીકે ભાગીદારી પેઢીમાં જોડાવા માટે સંમતિ આપેલ હોવાનું ફલિત થતુ નથી. આ સંજોગોમાં જો હયાત ભાગીદાર નં. ૩ જીતેનદ્રભાઇ ગુજરનાર તેમના પિતાજીના વારસદાર તરીકે ભાગીદારી પેઢીમાં દાખલ થયેલ હોય તો તે આંક ૧૫ ના ભાગીદારી કરારની કલમ ૧૫ ની જોગવાઈઓના ભંગ સમાન હોવાનું માનવાને કારણ રહે છે. હવે હાથ ઉપરના કેસની વિગત જોવામાં આવે તો આંક ૧૬ થી વાદી ના વિ. વ. શ્રી દ્વારા પ્રતિવાદીને નોટીસ

કરવામાં આવેલ તે રજુ કરેલ છે, જે નોટીસ તા. ૧૫–૦૧–૨૦૧૮ ના રોજ કરવામાં આવેલ હોવાનું ફલિત થાય છે. વાદીઓ અને પ્રતિવાદી નં. ૩ ના પિતા ભગવાજી ઠક્કર તા. ૧૦–૦૩–૨૦૧૭ ના રોજ અવશાન પામેલ હોવાની હકીકત નિર્વિવાદીત છે. વાદીનુ કથન છે તે અવાર નવાર મૌખિક રીતે પ્રતિવાદીઓ ને વાદી નં.૧ ને, ગુજરનાર ભાગીદારના વારસદાર તરીકે પેઢીમાં ભાગીદાર દાખલ કરવા અને હિસાબ રજુ કરવા માટે જણાવવામાં આવેલ પરંતુ પ્રતિવાદીઓ તરફથી કોઈ જવાબ ન મળતા નોટીસ કરેલ.

**(૧૧.૩)** હવે આ કામના પ્રતિવાદી નં. ૩ દ્બારા રજુ કરવામાં આવેલ પુરાવો જોવામાં આવે તો, પ્રતિવાદી નં.૩ જણાવે છે કે, આંક ૧૫ વાળા ભાગીદારી લેખના ક્લોઝ ૧૫ મુજબ સ્વ. ભગવાનજી વેલજી ઠક્કરના સ્થાને બાકી રહેતા ભાગીદારોની સંમતિથી ભાગીદાર તરીકે જોડાવાની જોગવાઈ છે તે મુજબ તેઓને ભાગીદારી પેઢીમાં ભાગીદાર તરીકે જોડવામાં આવેલ છે. તેમજ નોટીસના જવાબમાં પણ હિસાબ તૈયાર હોવાનું અને વાદીના નિકળતી રકમ હિસાબ મુજબ આપી દેવા તૈયાર હોવાનું સ્પષ્ટ પણે જણાવેલ છે. વધુમાં જણાવેલ છે કે વાદી રવિ ઓટો નામની ભાગીદારી પેઢીમાં સ્વ. ભગવાજી વેલજી ઠક્કર સાથે ચલાવતા તે પેઢીમાં સ્વ. ભગવાજી વેલજી ઠક્કરના ભાગ બાબતે પ્રતિવાદી નં. ૩ ને હિસાબ આપવો ન પડે તેથી ખોટો દાવો કરેલ છે. જે અનુસંધાને ઉપરોક્ત ચર્ચા મુજબ ભાગીદારોની સંમતિ થી અન્ય વારસને ભાગીદાર તરીકે જોડવાની કોઈ જોગવાઈ આંક ૧૫ ના ક્લોઝ ૧૫ માં કરવામાં આવેલ નથી, પરંતુ અન્ય વારસદારોની સંમતિથી કોઈ એક વારસદારને ભાગીદાર તરીકે દાખલ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે. અને હાલના પ્રતિવાદી નં. ૩ ને તેમના ગુજરનાર પિતાજીના વારસદાર તરીકે દાખલ કરવા માટે અન્ય વારસદારોઓ સંમતિ આપેલ હોવાનું ફલિત થતુ નથી. હવે આ કામના પ્રતિવાદી નં. ૩ ની આંક ૩૧ તળે કરેલ ઉલટતપાસમાં જણાવેલ છે કે આંક ૧૬ ની નોટીસ પહેલા ભાગીદારીનું લખાણ થઈ ગયેલ હતુ જેમાં બાકીના ભાગીદાર કોને ભાગીદાર તરીકે લેવો તે નક્કી કરી શકે તેવી જોગવાઈ કરેલ હતી. જે લખાણ તેમના પિતા ગુજરી ગયાના ત્રણ માસ બાદ થયેલ હોવાનું જણાવે  છે. હવે આંક ૧૫ થી રજુ ભાગીદારીનું લખાણ જોવામાં આવે તો, ક્લોઝ ૫ મુજબ ભાગીદારીની મુદત "AT WILL" નક્કી કરવામાં આવેલ

છે, તેમજ ક્લોઝ ૧૮ માં ભાગીદારી કરારમાં ફેરફાર કરવાની સત્તા આપવામાં આવેલ છે. જે જોગવાઈ નીચે મુજબ છે.

> *"18. ALTERATION OR ADDITION OF ANY CLAUSE OF THIS PARTNERSHIP DEED*
> *The partners shall be entitled to modify alter of very the terms and conditions of this partnership deed including terms relating to remuneration, interest etc., payable to the partners by executing a supplementary deed and any such a deed when executed shall have effect, unless otherwise provided, form the 1st day of accounting period which such supplemenraty deed is executed and smae shall form part of this deed of partnership deed."*

આમ, ઉપરોક્ત જોગવાઈ નજરે ભાગીદારોને ભાગીદારી કરારમાં સુધારો વધારો કરવાની સત્તા પ્રાપ્ત થયેલ છે, અને ભાગીદારો દ્વારા કરેલ કોઈ પણ સુધારો નાણાકીય વર્ષનાં પ્રથમ દિવસથી અમલમાં આવશે જે ભાગીદારી કરારનો ભાગ ગણાશે. પ્રતિવાદી જણાવે છે કે તેમના પિતાના અવશાન બાદ હયાત ભાગીદારો વચ્ચે થયેલ લખાણ મુજબ પ્રતિવાદી નં. ૩ ને તેમના સ્વ. પિતાના સ્થાને ભાગીદાર નિયુક્ત કરવામાં આવેલ છે. પરંતુ આવુ કોઈ લખાણ હાલના દાવાના કામે પ્રતિવાદી તરફથી રજુ કરવામાં આવેલ નથી. હવે આંક ૧૫ ના કરારમાં ક્લોઝ નં. ૧૩ મુજબ ભાગીદારીનું નાણાકીય વર્ષ એપ્રિલ મહિનાની પ્રથમ તારીખે શરૂ થશે તેવી જોગવાઈ કરવામાં આવેલ છે. અને પ્રતિવાદીના કથન મુજબનો સુધારા દસ્તાવેજ રજુ થતો ન હોય, પ્રતિવાદીના કથનને દસ્તાવેજી પુરાવાનુ સમર્થન પ્રાપ્ત થતુ નથી. તેમજ આ કામે પ્રતિવાદી નં. ૩ જે રવિ ઓટો નામની ભાગીદારી પેઢી અન્વયે બચાવ લઈને આવેલ છે તે અન્વયે કોઈ સમર્થનકારી મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરતા નથી. આમ, ઉપરોક્ત કથન સંદર્ભે પણ પ્રતિવાદી નં. ૩ ના કથનને સમર્થન કરતો પુરાવો રજુ થતો નથી.

**(૧૨)** આમ, ઉપરોક્ત તમામ ચર્ચા અને હકિકત ધ્યાને લેતા આ કામના વાદીએ આ કામના પ્રતિવાદીને ભાગીદારી કરારની કલમ (ક્લોઝ)

૧૫ મુજબ અમલ કરવા માટે નોટીસ કરેલ હોવા છતાં ભાગીદારી પેઢીમાં વાદી નં. ૧ ને દાખલ કરવા માટે ની અમલવારી કરેલ હોવાનું ફલિત થતુ નથી. હવે ભાગીદારી કરાર જોવામાં આવે તો ગુજરનાર ભાગીદારના વારસદારોને હિસાબ કે ભાગ આપવાની કોઈ જોગવાઈ કરવામાં આવેલ હોવાનું ફલિત થતુ નથી. આમ, ઉપરોક્ત તમામ ચર્ચા અને હકીકત નજરે આ કામના વાદી મુદ્દા નં. ૧ અંશતઃ સાબિત કરવામાં સફળ થયેલ હોય **મુદ્દા નં. ૧ આથી અંશતઃ હકારાત્મક** ઠરાવવામાં આવે છે. અને મુદ્દા નં. ૨, ૩ અને ૪ અન્વયે આ કામના પ્રતિવાદી નં. ૩, એ ગુજરનાર ભાગીદાર સ્વ. ભગવાનજીભાઈ ના અન્ય વારસદારોની સમંતિથી દાખલ થયેલ ન હોય, અને ભાગીદારી કરારની શરત નં. ૧૮ મુજબ ભાગીદારી કરારમાં સુધારો કરેલ હોવા બાબતેનો દસ્તાવેજ રજુ કરવામાં આવેલ ન હોય, મુદ્દા નં. ૨, ૩ અને ૪ સાબિત કરવામાં પ્રતિવાદી નિષ્ફળ રહેલ હોવાનું માનવાને કારણ રહે છે, જેથી ઉપરોક્ત તમામ હકીકતે **મુદ્દા નં. ૨, ૩ અને ૪ નકારાત્મક** ઠરાવવામાં આવે છે.

## <u>મુદા નં. ૫ ની ચર્ચા :-</u>

> *૫. શું પ્રતિવાદીઓ એ હકીકત પુરવાર કરે છે કે, વાદી દ્વારા ખોટો અને રદ થવા પાત્ર દાવો કરવામાં આવેલ હોય, પોતે માંગ્યા મુજબનું વળતર મેળવવા હકકદાર છે?*

(૧૩) ઉપરોક્ત તમામ મુદ્દા અન્વયે કરવામાં આવેલ ઉપરોક્ત ચર્ચા અંતે આ કામના પ્રતિવાદી ઉપર સાબિતિનો બોજો નાંખવામાં આવેલ તે તમામ મુદ્દા સાબિત કરવામાં આ કામના પ્રતિવાદીઓ નિષ્ફળ રહેલ હોય, અને આ કામના વાદી ને હાલનો દાવો દાખલ કરવા માટે યોગ્ય અને વ્યાજબી કારણ ઉપસ્થિત થયેલ હોવાનુ તમામ ચર્ચા આધારે જણાઈ આવે છે, જેથી આ કામના પ્રતિવાદી માંગ્યા મુજબ કોઈ વળતર આ કામના વાદી પાસેથી મેળવવા હક્કદાર નહિ હોવાનું માનવાને કારણ જણાતુ હોય, **મુદ્દા નં. ૫ તે રીતે નકારાત્મક** ઠરાવવામાં આવે છે.

## <u>મુદા નં. ૬ અને ૭ ની ચર્ચા :-</u>

*૬. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે?*

**(૧૪)** કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ કોઈ પણ દાવામાં વાદી તેમની દાવા અરજી ની હકીકતો સબળ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા આધારે ભારતીય પુરાવા અધિનિયમ ની જોગવાઈઓ મુજબ અદાલત સમક્ષ પુરવાર કરે તે બાદ જ વાદીએ તેની દાવા અરજીમાં માંગણી કરેલ દાદ પૈકી કઈ દાદ મેળવવા તે હકદાર બને છે અને કઈ દાદ મેળવવા તે હક્કદાર બનતા નથી તેનો નિર્ણય કરવાનો રહે છે. દાવામાં જણાવેલ વિગતો આ કામના વાદી દ્ધારા માંગવામાં આવેલી દાદ જોવામાં આવે તો, પ્રતિવાદી નં. ૧ ની પેઢી ના ભાગીદાર સ્વ. ભગવાનજીભાઈના અવશાન બાદના તમામ હિસાબી ચોપડાઓ નામ. કોર્ટમાં રજુ કરી, તેમના હિસ્સાની નફાની રકમની વહેંચણી ૫(પાંચ) ભાગમાં કરી, ૪ (ચાર) ભાગ વાદીઓને તથા પાંચમો ભાગ પ્રતિવાદી નં. ૩ ને અપાવવા તથા પ્રતિવાદી નં. ૧ ની પેઢીમાં સ્વ. ભગવાજીભાઈના અવસાનથી ખાલી પડેલ ભાગીદારના સ્થાને વાદી નં. ૧ ને ભાગીદાર તરીકે દાખલ કરવા પ્રતિવાદીઓ બંધાયેલ છે, તેવુ ઠરાવી આપલા તથા કાયકા અને હકીકત નજરે મળી શકતી સઘળી દાદ અને દાવાનુ ખર્ચ આપવા સબબ દાદ ની માંગણી કરેલ છે. જેના અનુસંધાને રેકર્ડ પર રજુ થયેલ તમામ પુરાવા નું સમગ્રલક્ષી મુલ્યાંકન કરતા સ્પષ્ટ બને છે કે, આંક ૧૫ થી રજુ ભાગીદારી કરાર ની કલમ (કલોઝ) ૧૫ મુજબ ગુજરનાર ભાગીદારના વારસો પૈકી કોઈ એક વારસ જો પઢીમાં ભાગીદાર તરીકે જોડાવા સહમત હોય, અને અન્ય વારસદારો તે માટે સંમતિ આપે તે સંજોગોમાં તે વારસદારને પ્રતિવાદી નં. ૧ પેઢીમાં વારસ તરીકે જોડવા ફરજીયાત છે. અને આ હકિકત સાબિત કરવામાં આ કામના વાદી સફળ રહેલ છે. પરંતુ જ્યાં સુધી મરણ જનાર ભાગીદારના હિસ્સાની નફાની રકમની વહેંચણી અંગે નો પ્રશ્ન છે તે અનુસંધાને સદર ભાગીદારી કરારમાં કોઈ ઉલ્લેખ થયેલ નથી. હવે આ અનુસંધાને આ કામના પ્રતિવાદીના વિ. વ. શ્રી પોતાની મૌખિક દલીલમાં જણાવે છે કે, વાદીના દાવાની દાદ નં. ૧૨ નો બીજા પેરામાં માત્ર ડેકલેરેશન ની માંગણી કરેલ છે અને સ્પેસીફીક રીલીફ એક્ટની કલમ ૩૪ નુ પરંતુક જોતા તેને આનુસાંગિક દાદ માંગવી જોઈએ, જો વાદીએ આવી

આનુસાંગિક દાદ માંગેલ ન હોય તો વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા માટે હક્કદાર ઠરતા નથી. હવે કલમ ૩૪ નુ પરંતુક જોવામાં આવે તો, જ્યારે વાદી આનુસાંગિક દાદ મેળવવા માટે સક્ષમ હોય અને દાવામાં આવી આનુસાંગિક દાદ માંગેલ ન હોય ત્યારે અદાલતે આવી દાદ મંજુર કરવાથી પર રહેવુ જોઈએ. જે સામે વાદી વિ. વ. શ્રી દ્વારા સી. પી. સી. હુકમ ૭ નિયમ ૭ તરફ અદાલતનુ ધ્યાન દોરી રજુઆત કરે છે કે, વાદી દ્વારા કાયદા અને હકીકત નજરે મળી શકતી તમામ રાહત દાદ અપાવવા માંટેની માંગણી કરેલ છે. જે જોતા આ કામના વાદીની દલીલમાં વજુદ જણાય છે. આમ, ઉપરોક્ત તમામ સંજોગો તથા રેકર્ડ ઉપર રજૂ થયેલ તમામ પુરાવા તથા કાયદાકીય સિદ્ધાંતો નજરે આ કામના પ્રતિવાદી વાદી નં. ૧ ને ગુજરનાર ભાગીદાર સ્વ. ભગવાનજીભાઇ ના સ્થાને ભાગીદાર તરીકે દાખલ થવા હકદાર ઠરતા હોય **મુદ્દા નંબર (૬) અંશતઃ હકારાત્મક** ઠરાવી **મુદ્દા નંબર (૭)** અન્વયે નીચે મુજબનું આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**<u>– :: આ ખ રી હુ ક મ ::–</u>**

૧. વાદીનો દાવો **અંશત: મંજુર** કરવામાં આવે છે.

૨. પ્રતિવાદી નં. ૧ ની પેઢીમાં સ્વ. ભગવાજીભાઈના અવસાનથી ખાલી પડેલ ભાગીદારના સ્થાને વાદી નં. ૧ ને ભાગીદાર તરીકે દાખલ કરવા પ્રતિવાદીઓ બંધાયેલ હોવાનું ઠરાવવામાં આવે છે.

૩. વાદીને થયેલ ખર્ચ પ્રતિવાદીઓએ ચુકવી આપવો અને પ્રતિવાદીઓએ પોતાનું ખર્ચ જાતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામું દોરવું.

હુકમ આજરોજ તા. ૧૫ મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**(કેતનકુમાર અશોકભાઈ ડાભી)**
ત્રીજા અધિક સીનીયર સીવીલ જજ,
ભુજ–કચ્છ
યુનીક કોડ – જીજે૦૧૨૮૯

તારીખઃ ૧૫–૦૪–૨૦૨૬
સ્થળઃ ભુજ–કચ્છ